દશાક્રોશી અને ભાલના દરજીના

પંચના ધારા.

પંચની રજાથી,

રચી પ્રસિદ્ધ કર્તા

વિસલપુરનિવાસી

છગનલાલ પોચાભાઈ દરજી.

શ્રી "જૈનસમાચાર" પ્રેસમાં છાપ્યું.

ઠે. પાચકુવા અમદાવાદ.

પ્રસ્તાવના.

હમણા હમણા દરેક જાતિમા સુધારા દાખલ થવા લાગ્યો છે. લોકો ખરા ખોટાનો વિચાર કરવા લાગ્યા છે અને ખોટાને છોડી દઈ ખરાને ગ્રહણ કરવા લાગ્યા છે એવા વખતમા દરજી જેવી કારીગર કોમે ઉંઘમા પડ્યા રહેવુ એ ઉચીત નથી એમ સમજી એ કોમના અગ્રેસરો જેઠ વદ ૩ ના રોજ પાલડી મુકામે એકઠા થયા અને દશાક્રોશી તેમજ ભાલના દરજીઓની સમ્મતિથી પોતાને યોગ્ય લાગ્યા તેવા ધારા ઘડ્યા, જે આજે પુસ્તકના રૂપમા પ્રગટ કરતા મ્હને આનંદ થાય છે

આપણી કોમમાં હજી ઘણા સુધારા કરવા જેવા છે પરંતુ એકદમ કાંઈ સ્વર્ગ જવાય નહિ ધીમે ધીમે આપણે ધારા ઘડતા જઈશુ અને ધારાનો અમલ પણ કાળજીથી અને પક્ષપાત વગર કર્યા જઈશું તો આપણો સ્વતંત્ર ધંધો બીજી કોમના લોકો પચાવી પડ્યા છે અને ન્યાલ થઈ ગયા છે તેમ થવા ન પામતા આપણે પોતેજ સારી આબાદીમા આવી શકીશુ માણસની ચડતી પડતી તેના પોતાના વર્તન ઉપર જ રહેલી છે.

છગનલાલ પોચાભાઈ (વિસલપુરવાળા)

મુ. પાલડી.



દશકોશી અને ભાલના

દરજના ધારા.

ભાગ ૧ લો—કન્યા બાબત.

અત્યાર સુધી કન્યાનો બાપ પોતાની મરજીમા આવ તે પ્રમાણે વરના બાપ પાસેથી પૈસા લેતો હતો, આવા કન્યાવિક્રયના ખોટા રિવાજથી જ્ઞાતીની ખરાબી થવાની સાથે ગરીબના છોકરા કુવારા રહેવા માંડયા આથી પંચે મળી આ રિવાજ બંધ કરી કન્યા-બાબત નીચેનો ધારો કર્યો છે.

૧ કન્યાના બાપે વરના બાપ પાસેથી ફક્ત પરઠણના રૂ. ૮૪ લેવા અને સાટું ગા વેલ કાંઇ લેવું નહિ.

૨ કોઇએ નાત વિવાહ કરવો નહિ પણ પોતાની સપન પ્રમાણે જાનમા માણસ તેડાવવા

૩. હવેથી કન્યાના બાપે વરના બાપ પાસેથી નીચે પ્રમાણે અબાબ લેવો —

	રૂ ૧ ગોર ધોતીયાનો
રૂ ૨ લગ્નના.	રૂ ૧ ખોળે બેસાર્યાનો
રૂ. ૨ સામઇયાના	રૂ. ૧ ભાણે બેસાર્યાનો.
રૂ ૧ કુંભારનો (ચોરીનો)	રૂ ૧ પંચવદ્ધ જમ્યાનો.
રૂ ૦॥ લુહારનો.	રૂ ૧ કમાડ વાસ્યાનો.
રૂ ૧ હજામનો	રૂ ૧ નાથ ઝાલ્યાનો.
રૂ ૧ બાજઠનો.	રૂ. ૧ અણુવરનો
રૂ. ૦॥ માળીનો.	રૂ. ૦॥ ધર્માદાનો
રૂ ૦। જાનીવાનો	રૂ. ૧ નકળંગના મંદિરનો.
૦। જાની વાસાનો.	૦। લોખનો—દાતણ વાળીનો.

કુલ રૂ ૧૯)

કન્યાના બાપે વરના બાપને આ પ્રમાણે અગાઉ આપવો:—
પુરત પોતાની સપત પ્રમાણે આપવી
૧) જનોઇનો યા દેરાસ્થાનનો
૧) લુણારીનો
૨) દાઢી પીરામણના
૫) પુરતના નાડકામા મુકવા

૪ વરના બાપે ત્રણ વાહનથી વધારે તાવવા નહિ અને કન્યાના બાપે વહન માટે નીચે મુજબ વર્તવુ જોઇએ.

કપાસીયા મા ાા ૫ ઘી શેર ૩ બળદને પાવા આપવું.
જુવારના પૂળા ૧૨૫

૫. વરના બાપે કન્યાના બાપને ત્યા સપત પ્રમાણે વસન ઓરણું યા પછેડો લઇને જવુ તેમા કન્યાના બાપે તેને હરકત કરવી નહિ

ઉપરના જે કન્યા બાબતના ધારા છે તેથી જે કોઇ વિરૂધ ચાલનો માલમ પડશે તે પચનો ગુન્હેગાર થશે એટલે તેને પચ પાચ વર્ષ સુધી પચથી દુર કરશે, અને ૨૦૧) રૂપિઆ દડના લેશે વરનો બાપ પણ આ બાબતમા ગુનેહગાર જણાશે તો તેને પણ એજ શિક્ષા થશે.

ધારો ૨ જો—પર ગોળમા કન્યા આપવા સબધી

પર ગોળમા જે કોઇ પોતાની કન્યા આપતા તેની પાસેથી રૂ ૧૦૦) દડ લેવાનો રીવાજ હતો આથી ઘણી કન્યાઓ પર ગોળમા ગઈ અને કન્યાની અછત થઇ જેથી કન્યાવિક્રય વધી પડયો માટે હવેથી કોઇએ કન્યા પરગોળમા આપવી નહિં

જે કોઇ કન્યા પર ગોળમા આપશે તેની પાસેથી રૂ ૨૫૧) દંડના લેવા અને તેને સાત વર્ષ સુધી પચથી દુર કરવામા આવશે

ધારો ૩ જો--પુનર્લગ્ન (નાતરા) સંબધી.

પુનર્લગ્નમા પણ આજ સુધી કન્યાવિક્રય થતો હતો માટે હવેથી રૂ ૧૦૦) લેવા વેત (સાટુ) ગામગાપુ વગેરે કાઇ લેવુ નહિ.

વરના બાપે અગર કન્યાના બાપે આ નિયમ પાળ્યો નથી એવું પંચને માલમ પડશે તો બંને જણ પચના ગુનેહગાર થશે.

અને દરેકને પાચ વર્ષ સુધી પચમાથી દુર કરશે અને રૂપિઆ બમોને એક દડના દરેક પાસેથી લેવાશે

ધારો ૪ થો—ખર્ચ કરવા બાબત

જુવાન અને ઘરડા મરી જાય તેનુ ખર્ચ (બારમું) કરવાનો રિવાજ છે પણ હવેથી ૨૫ વર્ષ સુધીના આ પુરૂષનુ કોઇએ ખર્ચ કરવું નહિ ઘરડાનુ ખર્ચ બાર દિવસ વિત્યા પછી તરત કરવાનો રિવાજ છે. પણ હવેથી જેને સપત હોય તે બને તેમ કરે પણ જેની સપત ના હોય તેણે પોતાને મરો ત્યારે કરવુ. પણ ખોટા માનમાં તણાઈ મરવુ નહિ.

ધારો ૫ મો—શ્રીમત (ખોળો ભરવા) સબધી

શ્રીમતની નાત કરવાથી ગરીબ ન્યાતી બધુને ઘણુ શોસાવું પડે છે. માટે હવેથી કોઇએ શ્રીમતની નાત કરવી નહિ.

ધારો ૬ ઠો—માતા (જાગ) વાળ્યા સબધી

કોઇ પોતાના દીકરા દીકરીની કાઈ કારણસર બાધા રાખી જાગ વાળે તેણે નાત કરવાનો રિવાજ છે આથી ઘણા બાળકોના માથામા લાબા વખતો જો થવાથી જુવો પડે છે અને ગડગુમડ થાય છે અને તે બાળકના માબાપને ઘણુ સરમાવુ પડે છે માટે હવેથી માતા (જાગ) વાળ્યાની કોઇએ નાત કરવી નહિ.

ધારો ૭ મો—તિર્થ જાત્રા સબધી

જે કોઈ કાશી, દ્વારકા, ગોદાવરી વગેરે ઠેકાણેથી જાત્રા કરીને આવે તેની પાસેથી નાત લેવાનો રિવાજ છે આથી ઘણા ન્યાતીબધુ આ બાને પણ દેશાટન કરી શકતા નથી માટે હવેથી તિર્થ જાત્રા સબધી પણ કોઇએ નાત કરવી નહિ

ધારો ૮ મો—નાતથી બહાર કરેલા સબધી

જે શખ્સને પચે જે કોઇ ગુન્હા બદલ જેટલી મુદત પચથી દુર કર્યા હોય તેની સાથે પચના કોઈ પણ માણસે અગર તેના સગા વહાલાએ કોઇ પ્રકારનો વહેવાર રાખવો નહિં. આ નિયમથી વિરૂધ ચાલશે તેની પાસેથી રૂ ૧૦) દડના લેવામા આવશે

ધારો ૯ મો—કુવારે પુનર્લગ્ન (નાતરૂ) કરવા સબધી.

જે કોઇ કુવારે પુનર્લગ્ન કરતું તેની પાસેથી નાત લેવાનો

રિવાજ હતો કુવારે પુનર્લગ્ન ગરીબ માણુસો કરે છે અને તેની પાસેથી નાત લેવી એ પત્તા ઉ ર પાડુ માર્ગ બરોબર છે. માટે હવેથી તેની પાસેથી નાત નહિ જાત ફક્ત રૂ ૧૦) દડનાજ લેવા.

ધારો ૧૦ મો—દીયર વટુ કરવા સબધી.

કેટલાક નાદાન માણુસો દીયર વટુ કરે છે—આ નીચ કામ જ કહી શકાય. માટે હવેથી કોઇએ દીયર વટુ કરવુ નહિ. છતાં કોઈ કરશે તો પચની ધ્યાનમા આવે તે પ્રમાણે તેને શિક્ષા થશે.

ધારો ૧૧ મો—ફારગતી તથા બીજી સ્ત્રી કરવા સબંધી.

જે કોઇ પોતાની સ્ત્રીની ફારગતી લખી આપે તેની પાસેથી રૂ ૨૫) દડના લેવા.

જેની સ્ત્રીની ઉમર ૩૦ વર્ષની થઇ હોય ત્યા સુધીમા તેને કોઈ ફરજન દીકરા યા દીકરી ના હોય તોજ બીજી સ્ત્રી કરવી આથી વિરૂદ્ધ ચાલશે તે નાતનો ગુનેહગાર થશે

ધારો ૧૨ મો—પરગોળની કન્યા સબધી—

જે પરગોળમાથી કન્યા લાવશે તેની નાત તપાસ કરશે. તપાસ કરતાં તે બાઇ જ્ઞાતે દરજી માલમ પડશે તો નાત તેને હરકત કરી શકે નહિ. પરંતુ બીજી જ્ઞાતીની માલમ પડશે તો તેને જ્ઞાતી બહાર કરવામા આવશે.

ધારો ૧૩ મો—પરગોળના દરજીને પોતાના ગોળમા લેવા સબધી.

પરગોળનો દરજી આપણા ગોળમાં ભળવા આવે તો તેની પાસેથી રૂ ૨૫) લેવા અને પોતાના ગોળનો માણુસ ગણુવો. પરતુ જ્યારે તે પોતાની કન્યા આપણા ગોળમા આપે ત્યારેજ તેને કન્યા આપવી. છતા અગાઉથી તેને કોઇ કન્યા આપશે તો ધારા બીજા પ્રમાણે તેને ગુનેહગાર ગણુવામા આવશે.

ધારો ૧૪ મો—ખટપટ કરી લાંચ લેનાર સંબધી.

ગોળમાનો કોઇ પણુ સખ્સ ખટપટ કરીને કોઇની પાસેથી ખર્ચ બાબત તથા કન્યા બાબત અથવા કોઇ ગુન્હા બાબતમા લાચ લેતો માલમ પડે તો તેની પાસેથી રૂ ૫૧) દડના લેવા તથા એક વર્ષ સુધી જ્ઞાતી (ગોળ) બહાર કરવો.

ધારો ૧૫ મો.—દારૂ પીનાર સબંધી.

દારૂ પીવો એ હિંદુધર્મ વિરૂદ્ધ છે. તેથી ધનની હાની અને બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. માટે કોઇએ દારૂ પીવો નહિ જોઇએ. કોઇ દારૂ પીતો જાણવામાં આવે તો નાતે તેની તપાસ કરવી. અને તપાસ કરતા દારૂ પીધો છે એવુ માલમ પડશે તો તેની પાસેથી રૂ ૨૦) દંડના લેવા અને માસ ૬ સુધી ગોળથી બહાર કરવો દારૂ પીનારની પોતાના ગોળમાથી બાતમી આપનારને રૂ ૫) ઇનામ આપવામા આવશે

ધારો ૧૬ મો—ભેર, ભુગળ નહિ વગાડવા સબંધી.

ભેર યા ભુગળ વગાડવી એ ધધો રાવળ વાઘરી અને ભ ગીઆનો છે. એ ધધો દરજીનો નથી માટ જે કોઇ ભુગળ વગાડશે તેની પાસેથી રૂ ૫૧) દડના લેવામા આવશે અને પાચ માસ સુધી ગોળ બહાર કરવમા આવશે-જેટલી વખત વગાડશે તેટલી વખત તેમજ કરવામાં આવશે- માટે ભુગળ વગાડવી નહિ

ધારો ૧૭ મો—વિવાહ અગર ખર્ચમા ત્રણ ટંકથી વધારે નહિ રહેવા સબધી

કોઇ ખર્ચ કરવા નાતને તેડાવે ત્યારે પહેલે દિવસે સાજે અને બીજે દિવસે સવારે અને સાજે એમ ત્રણ ટંક જમવાનું છે. માટે ત્રીજે દિવસે સવારમા ધણીના કથા સિવાય કોઇએ રહેવુ નહિં. કથા વગર પડી રહેવુ એ વ્યાજબી નથી માટે ત્રીજે દહાડે સવારમા કોઇએ રહેવુંજ નહિ

ધારો. ૧૮ મો—ભણાવવા સબંધી

ભણ્યા વગર સારાસાર સમજી શકાય નહિ હાલમા દયાળુ અંગ્રેજ સરકારે ગામોગામ સ્કુલો ઉઘાડી છે માટે પોતાના દીકરા દીકરીને ખપ જોગુ ભણાવવુ અને તેની સાથે નિશાળના વખતની બહાર અને રજાઓમા પોતાના ધધાથી માહીત કરવા. નોકરીમા જોડાવા તેમનુ મન આકર્ષાય નહિ એવી તેમના વાલીએ કાળજી રાખવી.

ધારો ૧૯ મો—ફડ લેવા સબંધી

દર વરસે દરેક લાગણીદાર ચાર આના ફડના લેવા અને તે રકમ તથા દંડની જે રકમ ભેગી થાય તે એક ઠેકાણે વ્યાજે મુકવી

અને તે રકમ જ્ઞાતી હીતાર્થે તથા જ્ઞાતીના નિરાધાર બંધુને સહાય કરવા અર્થે વાપરવી—

ધારો ૨૦—મો પરચુરણ બાબત સંબંધી.

૧ કોઇ પ્રસંગે ફટાણાં ગાવા નહિ.

૨. બ્રાહ્મણ, વાણિયા અને પાટીદાર સિવાય બીજી કોઇ જ્ઞાતીનુ ખાવુ નહિં.

૩. વિવાહ પ્રસંગે દારૂખાનું ફોડવુ નહિ

૪. ઢેડ, ભંગીયા, બજાણીયા, વાઘરી એમના જુના લુગા સાધવા નહિ

૫. દરેક માસની અમાસે પાખી (અણુજો) પાળવી એટલે તે દિવસે શીવવુ નહિ—

૬ બાળ લગ્ન કરવા નહિ

૭ સ્ત્રીઓએ સ્ત્રી ધર્મ (રજસ્વલા) ચાર દિવસ સુધી પાળવો.

સદરહુ ધારાઓની તપાસ રાખવા બાબત દશકોશી અને ભાલમાંથી જેઓને મેમ્બર ઠરાવ્યા છે તેમના નામ—

દશ કોશીમાંથી—

દરજી—નારણ ભગવાન—સાણંદના
દરજી—પરસોતમ બહેચર—પાલડીના
દરજી—છગન પોચાભાઇ—વિસલપુરના.
દરજી—તળશી અમથા—બાવળાના.
દરજી—દાળજી પરસોતમ—બાવળાના.
દરજી—સોમનાથ રણછોડ—ચલોડાના.
દરજી—મોહન સવા—સાણંદના.

ભાલમાંથી—

દરજી—દેવજી લખા—રાણીસરના.
દરજી—જેઠા ગીરધર—કોઠના.
દરજી—મોહન મોરાર—મેતલીના.
દરજી—ઝવેર નથુ—સીમેજના.
દરજી—કરસન મોતી—ખડાના.
દરજી—બહેચર પિતાંબર—હડુકાના.

આ મેમ્બરોમાંથી જે કોઈ ગુન્હો કરે અથવા બીજાનો છુપાવે તે જ્ઞાતીનો તથા પોતાના ઇષ્ટ દેવનો સદાનો ચોર છે. માટે દરેકે જેમ બને તેમ પોતાની જ્ઞાતીનુ હિત થાય તેવી શુદ્ધ મનથી કાળજી રાખવી—

સહીઓ.

૧ દરજી—પરશોતમ બહેચર
૧ દરજી—કાળજી પરશોતમ
૧ દરજી—પોચા જીવણ
૧ દરજી—ચતુર પરશોતમ
૧ દરજી—શોમનાથ રણછોડ
૧ દરજી—છગન પોચાભાઇ
૧ દરજી—મોહન મોરાર
૧ દરજી—જેઠા ગીરધર.
૧ દરજી—કરમન મોતી.
૧ દરજી—ઝવેર નથુ
૧ દરજી—દેવજી લખા
૧ દરજી—બેચર પિતાંબર
૧ દરજી—નારણ ભગવાન
૧ દરજી—ઇશ્વર કુબેર
૧ દરજી—મોહન સવા
૧ દરજી—તળશી અમથા.
૧ દરજી—ત્રીકમ બહેચર
૧ દરજી—ખોડા ત્રીકમ
૧ દરજી—મગન બહેચર.
૧ દરજી—બહેચર પિતાંબર.
૧ દરજી—જેસગ પરસોતમ.
૧ દરજી—બહેચર ત્રીકમ
૧ દરજી—મુળજી રણછોડ
૧ દરજી—ભોગીલાલ અંબારામ
૧ દરજી—આત્મારામ છગન.
૧ દરજી—જેઠા નારણ.
૧ દરજી—બુધા મોતી
૧ દરજી—જેસગ જીવણ
૧ દરજી—બુધા અંબારામ.

સર્વ જ્ઞાતિજનોનું
ભલું થાઓ!